GJNV010019682023

| | | | | |
|---|---|---|---|---|
| Presented on | : | 13-10-2023 | | |
| Registered on | : | 13-10-2023 | | |
| Decided on | : | 09-04-2026 | | |
| Duration | : | Y | M | D |
| | | 02 | 05 | 26 |

**EXHIBIT : 68**

**FORM - A**

IN THE COURT OF PRINCIPAL DISTRICT &
SESSIONS JUDGE, NAVSARI

Presided Over By : **P.J.TAMAKUWALA,**
Sessions Judge, Navsari.

Date of Judgment : **09 April, 2026**

**Sessions Case No.101/2023**

Vijalpore Police Station
Part-A-Cr.R.No.11822022230402/2023
Navsari District.

| | |
|---|---|
| COMPLAINANT : | State of Gujarat |
| REPRESENTED BY : | Learned D.G.P. Mr. T. C. Sule |
| ACCUSED : | DINESH @ LOT SHRAVAN SONKAR<br>Age: 24<br>PRESENT ADDRESS : VIJALPORE, LAXMINAGAR-2,<br>NR. SAPTASHRUNGI MATA TEMPLE, TA. JALALPORE, DIST. NAVSARI.<br>PERMANENT ADDRESS :<br>AT. LALIPUR, POST. BHITVARA, THANA. HUSENGANJ,<br>DIST. FATEHPUR, UTTARPRADESH. |
| REPRESENTED BY : | Learned Advocate Mr. V.A.NAIK |

# FORM - B

| | |
|---|---|
| Date of Offence | 03-07-2023 |
| Date of FIR | 03-07-2023 |
| Date of Chargesheet | 30-09-2023<br>(Before Addl.Chief Judicial Magistrate Court, Navsari) |
| Date of Framing of Charges | 09-09-2025 |
| Date of commencement of evidence | 24-09-2025 |
| Date on which judgment is reserved | 01-04-2026 |
| Date of the Judgment | 09-04-2026 |
| Date of the Sentencing Order, if any | N.A. |

## Accused Details

| **Rank of the Accused** | **Name of Accused** | **Date of Arrest** | **Date of Release on Bail** | **Offences charged with** | **Whether Acquitted or Convicted** | **Sentence Imposed** | **Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr. PC** |
|---|---|---|---|---|---|---|---|
| 1 | DINESH @ LOT SHRAVAN SONKAR | 04-07-2023 | 10-11-2023 | Section 302 of Indian Penal Code & Section 135 of GPA | Acquitted | N.A. | 04-07-2023 To 10-11-2023 |

## FORM - C

**ચુકાદાના પેરા–૫  માં દર્શાવેલ છે.**

સેશન્સ જજ, નવસારી.

## -: ચુ કા દો :-

## (ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૩૫ ની સાથે ૩૫૩ વાંચતા)

**૧.** આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૦૨ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ઈન્સાફી કાર્યવાહી અત્રેની સેશન્સ કોર્ટમાં ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદની ટૂંકમાં હકીકત :-**

**૨.** આ કામનાં આરોપી દિનેશ ઉર્ફે લોટ શ્રવણ સોનકરની મોટી બહેન મમતા ઉર્ફે ગુડડી શ્રવણ સોનકરનાં લગ્ન પહેલા આ કામનાં ફરિયાદી છોટુ શિવકુમાર સોનકરનાં મોટા ભાઈ – મરણ જનાર ધમેન્દ્ર સાથે પ્રેમ સંબંધ હતો, જે બાબતે અગાઉ બોલાચાલી ઝઘડો થયેલ તેની જૂની અદાવત રાખી આ કામનાં આરોપીએ તા.૦૩-૦૭-૨૦૨૩ નાં રોજ કલાક ૧૫:૪૫ થી ૧૬:૧૦ દરમ્યાન આ કામે મરણ જનાર ધર્મેન્દ્ર બનારસ લોન્ડ્રીવાલાનાં દરવાજા પાસે તેની હોન્ડા યુનીકોન ગાડી પાસે ઉભો હતો તે સમયે અચાનક તેની મોટરસાઈકલ પર આવી આરોપીએ તેની પાસેના છરાથી ફરિયાદીનાં ભાઈ ધર્મેન્દ્રની ડાબી પાંસળીનાં નીચેનાં ભાગે તથા પીઠનાં ભાગે છરાના ઘા મારી ગંભીર ઈજાઓ કરતા તે લોહીલુહાણ થઈ મરણ પામેલ.

આ બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ હાલનાં આરોપી વિરૂઘ્ધ તા.૦૩-૦૭-૨૦૨૩ નાં રોજ વિજલપોર પોલીસ સ્ટેશને નોંધાવતા તે વિજલપોર પો.સ્ટે.પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૮૨૨૦૨૨૨૩૦૪૦૨/૨૦૨૩ થી ઈ.પી.કોડની કલમ-૩૦૨ તથા જી.પી.એકટની કલમ-૧૩૫

મુજબનાં ગુના અંગેની દાખલ કરવામાં આવેલી.

**પોલીસ તપાસની વિગત :–**

**૩.** સદરહુ ફરિયાદ તપાસ અર્થે સંબંધીત તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવતા સંબંધીત ત.ક.અમલદારે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૪ થી ૧૭૨ લક્ષમાં લઈ ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલનાં આરોપી વિરૂધ્ધ સંબંધીત એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, નવસારી મુકામે ઈ.પી.કોડની કલમ–૩૦૨ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરતા તે તા.૩૦–૦૯–૨૦૨૩ નાં રોજ ફોજદારી કેસ નં.૧૦૩૮૧/૨૦૨૩ થી દાખલ થયેલ.

**તહોમતનામા અંગે :–**

**૪.** આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ સદરહુ ફોજદારી કેસ સેશન્સ ટ્રાયેબલ હોવાથી નવસારીનાં વિ. ચોથા એડિશ્નલ ચીફ જ્યુડિ.મેજિસ્ટ્રેટશ્રી નાઓએ તા.૦૯–૧૦–૨૦૧૩ નાં રોજ હુકમ કરી સદરહુ કેસ સેશન્સ કમિટ કરતા તે આ સેશન્સ કોર્ટ ખાતે તા.૧૩–૧૦–૨૦૨૩ નાં રોજ સેશન્સ કેસ નં.૧૦૧/૨૦૨૩ થી દાખલ થયેલ.

**૪.૧.** ત્યારબાદ, સદરહુ સેશન્સ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાત્રી કરી તા.૦૨–૦૯–૨૦૨૫ નાં રોજ આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮(૧)(બી) મુજબ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૩૦૨ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુના અંગેનું તહોમતનામું આંક–૨૧ થી ફરમાવી આંક–૨૨ થી આરોપીનું સ્ટેટમેન્ટ લેતાં આરોપીએ ગુનો કબુલ નહિ હોવાનું

જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૧(૧) મુજબ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

**૫.** સદરહુ કામે ફરિયાદ પક્ષ તરફથી તેમનાં કેસનાં સમર્થનમાં નીચે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં અવેલ છે.

**<u>FORM - C</u>**

**<u>LIST OF WITNESSES</u>**

**A. Prosecution Witnesses :**

| RANK | EXHIBIT | NAME | NATURE OF EVIDENCE |
|---|---|---|---|
| PW 1 | P 23 | બબલુ સુરજપાલ સોનકર | પંચ શાહેદ |
| PW 2 | P 31 | શ્રીકાંત શ્યામલાલ સોનકર | પંચ શાહેદ |
| PW 3 | P 32 | સંતોષભાઈ રામસ્વરૂપ સોનકર | પંચ શાહેદ |
| PW 4 | P 35 | અમિતકુમાર ગંગાસાગર સોનકર | પંચ શાહેદ |
| PW 5 | P 36 | છોટુભાઈ શિવકુમાર સોનકર | ફરિયાદી– મરણ જનારનાં ભાઈ |
| PW 6 | P 39 | ડો.હિનાબેન હિંમતભાઈ પટેલ | મેડીકલ શાહેદ– પી.એમ. કરનાર |
| PW 7 | P 43 | ડો.અરવિંદભાઈ સાવળુભાઈ ચૌધરી | મેડીકલ શાહેદ– આરોપીને તપાસનાર |
| PW 8 | P 46 | રાજેશભાઈ શિવકુમાર સોનકર | શાહેદ– મરણ જનારનાં ભાઈ |
| PW 9 | P 47 | પ્રિતેશભાઈ પ્રકાશભાઈ સોનવણે | પેન ડ્રાઈવ બનાવી આપનાર |

| | | | |
|---|---|---|---|
| PW 10 | P 49 | રાજેન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ પરમાર | પી.એસ.ઓ.– કપડા કબ્જે કરનાર |
| PW 11 | P 50 | કરણ સિંહ દિલિપસિંહ મંડોરા | પોલીસ શાહેદ– ત.ક.અમલદાર |

**B. Defence Witnesses : તપાસેલ નથી.**

**C. Court Witnesses : તપાસેલ નથી.**

## LIST OF EXHIBITS

**A. Prosecution Exhibits :**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit P-24 PW-1 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 2 | Exhibit P-25 PW-1 | આરોપીની મોટરસાઈકલ કબ્જે કર્યાનું પંચનામું |
| 3 | Exhibit P-26 PW-1 | પેનડ્રાઈવ કબ્જે કર્યાનું પંચનામું |
| 4 | Exhibit P-27 To 30 PW-1 | મુદ્દામાલમાંથી નીકળેલ પંચસ્લીપો |
| 5 | Exhibit P-33 PW-3 | મરણ જનાનરની લાશ પરથી કપડા કબ્જે કર્યાનું પંચનામું |
| 6 | Exhibit P-34 PW-3 | આરોપીની અટક તથા તેના કપડા કબ્જે કર્યાનું પંચનામું |
| 7 | Exhibit P-37 PW-5 | એફ.આઈ.આર. |
| 8 | Exhibit P-38 PW- | ઈન્કવેસ્ટ પંચનામુ (બચાવ પક્ષનાં શેરા મુજબ આંક આપેલ છે.) |
| 9 | Exhibit P-40 PW-6 | પી.એમ.નોટ |
| 10 | Exhibit P-41 PW-6 | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ |
| 11 | Exhibit P-42 PW-6 | પી.એમ.માટેની પોલીસ યાદી |
| 12 | Exhibit P-44 PW-7 | આરોપીનું એમ.એલ.સી. સર્ટીફીકેટ |

| | | |
|---|---|---|
| 13 | Exhibit P-45 PW-7 | આરોપીની સારવાર માટેની પોલીસ યાદી |
| 14 | Exhibit P-48 PW-9 | સી.સી.ટી.વી. ફુટેજની પેન ડ્રાઈવ |
| 15 | Exhibit P-51 PW-11 | ઈન્કવેસ્ટ ભરવા માટે લખેલ યાદી |
| 16 | Exhibit P-52 PW-11 | એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 17 | Exhibit P-53 PW-11 | રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| 18 | Exhibit P-54 PW-11 | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યાની પહોંચ |
| 19 | Exhibit P-55 PW-11 | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર તથા બાયોલોજી પરીક્ષણ અહેવાલ |
| 20 | Exhibit P-56 PW-11 | રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| 21 | Exhibit P-57 PW-11 | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યાની પહોંચ |
| 22 | Exhibit P-58 PW-11 | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર તથા એકઝામીનેશન રિપોર્ટ, કલમ–૬૫બી(સી) નું સર્ટીફીકેટ તથા એનેક્ષર–૧ |
| 23 | Exhibit P-59 PW-11 | ત.ક.અમલદારે વીસેરા તપાસ અંગેની કરેલી યાદી |
| 24 | Exhibit P-60 PW-11 | રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| 25 | Exhibit P-61 PW-11 | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યાની પહોંચ |
| 26 | Exhibit P-62 PW-11 | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર તથા ઝેરશાસ્ત્ર વિભાગનો પૃથ્થકરણ અહેવાલ |
| 27 | Exhibit P-63 PW-11 | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે સર્કલ ઈન્સ્પેકટરને લખેલ યાદી |
| 28 | Exhibit P-64 PW-11 | હોન્ડા સ્પેન્ડરનાં કાગળો |
| 29 | Exhibit P-65 PW-11 | કલમ–૬૫બી(૪)(સી)નું સર્ટીફીકેટ |
| 30 | Exhibit P- PW-11 | ફરિયાદીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદન લેવા માટે લખવામાં આવેલ યાદી |

**B. Defence Exhibits : -**

**C. Court Exhibits : -**

**D. Material Objects : -**

સેશન્સ જજ, નવસારી.

૬. સદર કામે ફરિયાદ પક્ષે આંક-૬૬ થી શાહેદોને ડ્રોપ કરતા હોવાનું જાહેર કરતી ડ્રોપીંગ પુરશીશ તથા આંક-૬૭ થી એવીડન્સ કલોઝીંગ પુરશીશ રજૂ કરવામાં આવેલ છે.

૭. આરોપી વિરુધ્ધ પડેલ પુરાવા અંગે ખુલાસો કરવાની પૂરતી તક આરોપીને મળી રહે તે હેતુથી ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે અને તેમને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે. આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના કોઈ શાહેદો તપાસેલ નથી.

૮. ત્યારબાદ, આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૪ મુજબ ફરિયાદ પક્ષે વિ.ડી.જી.પી.શ્રી ટી.સી.સુળે તથા આરોપી તરફે વિ.વ.શ્રી વી.એ.નાઈક નાઓની મૌખિક દલીલો સાંભળી.

**ફરિયાદ પક્ષ તરફેની દલીલો :-**

૯. સદર કામે ફરિયાદ પક્ષ તરફે વિ.પી.પી.શ્રી ટી.સી.સુળે નાઓએ તેમની દલીલોમાં જણાવેલ છે કે, આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં મરણ જનારનું પોસ્ટ મોર્ટમ કરનાર ડોકટરશ્રીનો પુરાવો તથા પોસ્ટમોર્ટમ રિપોર્ટ, ઈન્કવેસ્ટ પંચનામું વિગેરે ધ્યાને લેતાં મરણ જનારનું મૃત્યુ અકુદરતી હોવાનું પુરવાર થયેલ છે. વધુમાં, આ કામે તપાસ દરમ્યાન સી.સી.ટી.વી. ફુટેજની પેન ડ્રાઈવ બનાવી આપનાર શાહેદનો મૌખિક પુરાવો, રજૂ થયેલ પેન ડ્રાઈવ તથા એફ.એસ.એલ.નો રિપોર્ટ ધ્યાને લેતાં ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન સાપડેલ છે. વધુમાં, તપાસવામાં આવેલ મેડીકલ

શાહેદો તથા પોલીસ શાહેદોનાં પુરાવાથી પણ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન સાપડેલ છે અને ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવામાં સફળ નિવડેલ હોઈ આરોપીને તકસીરવાન ઠરાવવા રજૂઆત કરેલ છે.

**આરોપી પક્ષ તરફેની દલીલો :–**

**૧૦.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.એ.નાઈક નાઓને તેમની દલીલોમાં જણાવેલ છે કે આ કામે ફરિયાદી, તેમનાં ભાઈ તથા તમામ પંચોએ ફરિયાદ પક્ષનાં કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. સી.સી.ટી.વી. ફુટેજની પેન ડ્રાઈવ કબ્જે કર્યાનાં પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી ત્યારે તે સી.સી.ટી.વી. ફુટેજ સંબંધે એફ.એસ.એલ. રિપોર્ટને ધ્યાને લઈ શકાય નહિ. મેડીકલ શાહેદો તથા પોલીસ શાહેદોએ તેઓની ફરજનાં ભાગરૂપે જે કંઈ કાર્યવાહી કરેલી તે તેઓનાં પુરાવામાં જણાવી ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન આપેલ છે., પરંતુ મહત્વનાં શાહેદ એવા ફરિયાદી વિગેરેનાં સીધા પુરાવાથી આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર થતું ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

**ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ કેસનાં નિર્ણય માટેનાં મુદ્દા :**

**૧૧.** ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને રાખતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ સદરહુ કેસનાં આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

## -: મુદ્દા :-

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે મરણજનાર ધર્મેન્દ્ર શીવકુમાર સોનકરનું મૃત્યુ અકુદરતી મૃત્યુ છે ?

(૨) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી દિનેશ ઉર્ફે લોટ શ્રવણ સોનકરની મોટી બહેન મમતા ઉર્ફે ગુડડી શ્રવણ સોનકરનાં લગ્ન પહેલા આ કામનાં ફરિયાદી છોટુ શિવકુમાર સોનકરનાં મોટા ભાઈ – મરણ જનાર ધમેન્દ્ર સાથે પ્રેમ સંબંધ હતો, જે બાબતે અગાઉ બોલાચાલી ઝઘડો થયેલ તેની જૂની અદાવત રાખી આ કામનાં આરોપીએ તા.૦૩–૦૭–૨૦૨૩ નાં રોજ કલાક ૧૫:૪૫ થી ૧૬:૧૦ દરમ્યાન આ કામે મરણ જનાર ધર્મેન્દ્ર બનારસ લોન્ડ્રીવાલાનાં દરવાજા પાસે તેની હોન્ડા યુનીકોન ગાડી પાસે ઉભો હતો તે સમયે અચાનક તેની મોટરસાઈકલ પર આવી આરોપીએ ધર્મેન્દ્રનું મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી તેની પાસેના છરાથી ધર્મેન્દ્રની ડાબી પાંસળીનાં નીચેનાં ભાગે તથા પીઠનાં ભાગે છરાના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજાવી, ખૂન કરી, ઈ.પી.કોડની કલમ–૩૦૨ મુજબનો સજાપાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે અધિ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી નાઓનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં

**આરોપીએ જાહેરમાં પ્રતિબંધીત હથિયાર છરો ધારણ કરી, સદર જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબનો સજાપાત્ર ગુનો કરેલ છે ?**

**(૪) શું હુકમ ?**

**૧૨.** ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતનાં નિર્ણયો નીચે મુજબ છે અને તે અંગેની ચર્ચા ત્યારબાદ કરવામાં આવેલ છે.

**–: નિ ર્ણ યો :–**

**(૧) હકારમાં.**

**(૨) નકારમાં.**

**(૩) નકારમાં.**

**(૪) આખરી હુકમ મુજબ.**

**–: કા ર ણો :–**

**(<u>સી.આર.પી.સી ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ</u>)**

**૧૩.** ભારતીય ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રીમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ ફરિયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરિયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે. વધુમાં કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેનું **"strictly construed"** કરવાનું રહે છે. એટલે અદાલતે કાયદાનાં શબ્દો **(Litera legis)** કરતાં આગળ વધવું જોઈએ નહીં.

**૧૩.૧** જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે. કલમ–૬ : આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી :– આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો' શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.**

**૧૩.૨** એટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. ***નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરુધ્ધ–ઉત્તર પ્રદેશ રાજ્યનો ચુકાદો કે જે ૧૯૭૬(૨) એસસીસી–પાન નં.૭૯૮*** ઉપર પ્રદર્શીત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નકકી કરવાનું હોય છે.

**Beyond reasonable doubt એટલે શું ?**

**૧૩.૩.** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈ પણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપીઓ માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી

વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહ્યો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપીઓ વ્યાજબી શંકાથી પર ગુનેગાર છે. **Reasonable doubt અંગે વિધ્વાન કાયદા વીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે** ***"Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you reach"*** જયારે અદાલતને તેની રુબરુ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગ કે,આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**૧૩.૪. આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે :-**

***That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice".***

વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે ***સ્ટેટ ઓફ બેંગાલ-વિરુધ્ધ-ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી.એલ.એચ.પાન-૫૩૭*** ઉપરનાં ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,

***" Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a***

***conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated..."***

**૧૪.** આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પનિક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ. આમ ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં ફરિયાદ પક્ષનાં પુરાવાનુ મુલ્યાંકન કરવુ આવશ્યક છે.

**૧૫.** ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રનાં પાયાનાં સિધ્ધાંત મુજબ આરોપી સામેનાં આક્ષેપીત ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવા માટેની ખૂબ જ ભારે જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર  મૂકવામાં આવેલ છે. જયારે આરોપી ઉપર તેનો બચાવ શકયતાઓની સંભવિતતાના આધારે પુરવાર કરવાની જવાબદારી નાંખવામાં આવેલી છે.  એટલે કે, આરોપી ઉપર તેનો બચાવ પુરવાર કરવાની જવાબદારીનો બોજો હળવો છે અને આરોપીએ પોતાનો બચાવ પુરવાર કરવા માટે પોતાની વ્યાજબી રીતે શકયતાઓ સાબિત કરીને પુરવાર કરવાનો છે.

**મુદ્દા નં.૧ ની ચર્ચા :-**

**૧૬.** સદરહુ મુદ્દો આ કામે મરણ જનારનાં મૃત્યુનાં પ્રકાર સંબંધમાં છે ત્યારે આ સંદર્ભમાં ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન  નીચે મુજબ કરવામાં આવે છે.

**પોસ્ટ મોર્ટમ કરનાર ડોકટરશ્રીનો પુરાવો :-**

**૧૭.** આ કામે મરણ જનારની લાશનું પોસ્ટમોર્ટમ કરનાર સાહેદ

નં.૬ ડો.હિનાબેન હિંમતભાઈ પટેલ નાઓએ આંક–૩૯ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૩–૭–૨૦૨૩ના રોજ નવસારી સિવિલ હોસ્પટલ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજમાં વિજલપોર પો. હે.કો. દેવેન્દ્રભાઈ બ.નં.૧૦૩૪ નાઓ ધમેન્દ્રભાઈ શીવકુમાર સોનકરની લાશ પી.એમ. માટે લઈ આવેલા જે યાદી ઉપર તેઓએ સહી કરેલી તે આંક: ૪૨થી રજૂ છે, તેઓએ તથા પેનલ ડો.અરવિંદભાઈ નાઓએ તા.૪–૭–૨૦૨૩ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે પી.એમ. શરૂ કરીને સવારે ૯:૧૫ વાગ્યે પૂર્ણ કરેલ અને તેઓ એવા અભિપ્રાય ઉપર આવેલ કે, સદર શબને જે સ્ટેબવુન્ડ થયેલ તેના કારણે લોહી વધુ પ્રમાણમાં વહી જવાથી હેમરેજીક શોકના કારણે મૃત્યુ થયેલુ, તેઓએ તેમના હસ્તાક્ષરમાં અને અંતે તેઓની તથા પેનલ ડો.અરવિંદ ચૌધરીનાઓની સહી અને સિકકો કરીને પી.એમ. નોટ આપેલ છે તે આંક–૪૦ થી રજૂ છે અને તેના કોલમ નં.૧૭ માં જે ઈજાઓ દર્શાવેલ છે તે ગંભીર પ્રકારની અને સામાન્ય ક્રમમાં વ્યકિતનુ મૃત્યુ નિપજાવવા પૂરતી હતી. વધુમાં એવો પુરાવો આપેલ છે કે, તેઓના હસ્તાક્ષરથી તથા તેઓ અને પેનલ ડો.અરવિંદની સહી – સિકકો કરીને કોઝ ઓફ ડેથ સર્ટિફિકેટ આપેલ તે આંક–૪૧ થી રજૂ છે અને મુ.આ.નં.૬ વાળા ચપ્પાથી આંક–૪૦ ની પી.એમ. નોટમાં જે ઈજાઓ બતાવેલ છે તે સંભવી શકે.

બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં સદરહુ ડોકટરશ્રીએ તેમની સરતપાસમાં જણાવેલ ઉપરોકત હકીકતોનું ખંડન થયેલ નથી.

સદરહું આંક–૪૦ વાળી પી.એમ. નોટ તથા આંક–૪૧ વાળા

કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટની હકીકતો ધ્યાને લેતાં તેનાથી સદરહુ પી.એમ. કરનાર મેડીકલ ઓફિસરનાં મૌખિક પુરાવાને સમર્થન સાપડેલ છે.

વધુમાં, આ કામે મરણ જનારનું મરણોત્તર પંચનામું ફરિયાદ પક્ષે રજૂ કરતા તેને આંક આપી પુરાવામાં વંચાણે લેવામાં આવે તો બચાવ પક્ષને કોઈ વાંધો ન હોઈ તેને આંક-૩૮ આપી પુરાવામાં દાખલ કરવામાં આવેલ છે, જે મરણોત્તમ પંચનામાની વિગતો ધ્યાને લેતાં તે ઉપરથી મરણ જનાર ધર્મેન્દ્ર શીવકુમાર સોનકરનાં શરીરે પાંસળી, પેટ તથા પીઠનાં ભાગે છરાનાં ઘા અને તેમાંથી લોહી વહેલું હોવાનું દર્શાવેલ છે.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં મરણ જનારનું મૃત્યુ સ્ટેબવુન્ડ થયેલ તેના કારણે લોહી વધુ પ્રમાણમાં વહી જવાથી હેમરેજીક શોકના કારણે થયેલુ છે., જે અકુદરતી મૃત્યુ છે. આમ, મરણ જનાર ધર્મેન્દ્ર શીવકુમાર સોનકરનું મૃત્યુ અકુદરતી હોવાનું પુરવાર થતું હોઈ સદરહુ મુદ્દા નં.૧ નો નિર્ણય 'હકાર' માં આપેલ છે.

**મુદ્દા નં.ર ની ચર્ચા :-**

૧૮. આ કામનાં આરોપી સામે ઈ.પી.કોડની કલમ-૩૦ર તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં ગુનાનું તહોમત છે, જે ગુનાઓની સાબિતી માટેનાં આવશ્યક તત્વો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે :

(ઈ) <u>ઈ.પી.કોડની કલમ-૩૦ર</u> ખૂન માટેની શિક્ષા છે., જે 'ખૂન' ની વ્યાખ્યા/આવશ્યક તત્વો ઈ.પી.કોડની કલમ-૩૦૦ માં નિરૂપાયેલા છે, જે ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ

છે :

**ઈ.પી.કોડની કલમ–૩૦૦. ખૂન :**

આમાં હવે પછી દર્શાવેલા અપવાદો સિવાય, ગુનાહિત મનુષ્યવધ એ ખૂન છે.

(૧) જો મૃત્યુ નિપજાવવાળુ કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ હોય, અથવા

(૨) શારીરિક હાનિ પહોંચી હોય તે વ્યકિતનું જેનાથી મૃત્યુ નિપજાવવાનો સંભવ હોવાનું ગુનેગાર જાણતો હોય એવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય, અથવા

(૩) કોઈ વ્યકિતને શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને કરવા ધારેલી હાનિ કુદરતી રીતે મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હોય, અથવા

(૪) કૃત્ય કરનાર વ્યકિત જાણતી હોય કે તે એવું તાત્કાલિક ભયજનક છે કે તેનાથી મૃત્યુ નિપજાવવાનો અથવા મૃત્યુ પિજાવે એવી શારીરિક હાનિ પહોંચવાનો પૂરો સંભવ છે અને મૃત્ર્યુ ન પજાવવાનું અથવા ઉપર્યુકત હાનિ પહોંચાડવાનું જોખમ ખેડવાનાં કશા કારણ વગર તે કૃત્યુ કર્યુ હોય.

**૧૯.** ઉપર મુદ્દા નં.૧ માં વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ આ કામે મરણ જનારનું મૃત્યુ અકુદરતી હોવાની હકીકત ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ નિવડેલ છે ત્યારે ફરિયાદ પક્ષે હવે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે કે મરણ જનારનાં શરીરે જે ઈજા થયેલી હતી તે હાલનાં આરોપી ધ્વારા જ કરવામાં આવેલી કે કેમ ? જો ફરિયાદ પક્ષ તેમાં સફળ નિવડે તો જ આરોપીને સદર ગુના સાથે સાંકળી ગુનેગાર ઠરાવી શકાશે.

**૨૦.** જેથી, હવે આરોપી વિરૂધ્ધ ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન ઉપર જણાવેલ ગુનાની કલમોની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ નીચે મુજબ કરવામાં આવે છે.

**ફરિયાદીનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૧.** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી છોટુભાઈ શિવકુમાર સોનકર નાઓએ આંક–૩૬ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, આ કામે મરણ જનાર ધર્મેન્દ્ર તેમનો નાનો ભાઈ થતો હતો. બનાવ ત્રણ વર્ષ પહેલા બનેલો. તેમને કોઈએ કહેલું કે તેમનો ભાઈ ઘરની બહાર રોડ પર પડેલ છે, જેથી તેઓ ત્યાં ગયેલા તો તેમના ભાઈને પેટનાં ભાગે વાગેલું હતું અને લોહી નીકળતું હતું. તેમનાં ભાઈને દવાખાને લઈ ગયેલા, જયાં તેને મૃત જાહેર કરેલ. તેમનાં ભાઈને કોઈ ઈસમે માર મારેલ હોય અને તેના હાથમાના છરાથી ઘા કરેલ હોય તેવું બનેલ નથી. તેમણે બનાવની ફરિયાદ આપેલી, જે આંક–૩૭ થી રજૂ છે.

સદરહુ ફરિયાદીને ફરિયાદ પક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરેલ છે, પરંતુ તેમાં પણ ફરિયાદ પક્ષને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

આમ, સદરહું ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં તેમણે તેમની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**શાહેદોનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૨.** સદર કામે મરણ જનારનાં બીજા ભાઈ શાહેદ નં.૮ રાજેશભાઈ શિવકુમાર સોનકર નાઓએ આંક–૪૬ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ કસ્બા ગામે કામ પર હતા. તેમાં ભાઈ ધર્મેન્દ્ર કેવી રીતે અવસાન પામેલા તેની તેમને ખબર નથી.

સદરહુ શાહેદને પણ ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરેલ છે, પરંતુ તેમાં પણ તેમનાં પોલીસ રૂબરૂનાં નિવેદનની હકીકતોને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

આમ, આ શાહેદનાં પુરાવાથી પણ આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર થતું નથી.

**પંચ શાહેદોનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૩.** આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧ બબલુ સુરજપાલ સોનકર નાઓને આંક–૨૩ થી તથા શાહેદ નં.૨ શ્રીકાંત શ્યામલાલ સોનકર નાઓને આંક–૩૧ થી તપાસેલા છે. તેઓ બંનેએ તૈયાર પંચનામાઓ ઉપર સહી કરી હોવાનું જણાવેલ છે અને પંચનામાઓમાં તેમજ મુદ્દામાલ રાખેલ પંચસ્લીપોમાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે., જેમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૨૪ થી, આરોપીની મોટરસાઈકલ કબ્જે કર્યાનું પંચનામું આંક–૨૫ થી તથા પેનડ્રાઈવ કબ્જે કર્યાનું પંચનામું આંક–૨૬ થી રજૂ થયેલ છે, તેમજ મુદ્દામાલમાં થી નીકળેલ પંચસ્લીપો અનુક્રમે આંક–૨૭ થી ૩૦ હેઠળ રજૂ થયેલ છે. તેમનાં જણાવ્યા મુજબ તેઓ રૂબરૂ કોઈ પંચનામાની કાર્યવાહી થયેલ નથી કે કોઈ મુદ્દામાલ કબ્જે થયેલ નથી અને કોર્ટ રૂબરૂ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ નથી.

સદરહુ બંને પંચોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને તેમની ઉલટતપાસ કરતા તેમાં પણ ઉપરોકત પંચનામાઓની વિગતોને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

**૨૪.** ત્યારબાદ, આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૩ સંતોષભાઈ રામસ્વરૂપ સોનકર નાઓને આંક–૩૨ થી તથા અમિતકુમાર ગંગાસાગર સોનકર નાઓને આંક–૩૫ થી તપાસેલા છે. તેઓ બંનેએ તૈયાર પંચનામા ઉપર સહી કરી હોવાનું જણાવેલ છે અને પંચનામાઓમાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે., જેમાં મરણ

જનારની લાશ ઉપરથી કપડા કબ્જે કર્યાનું પંચનામું આંક–૩૩ થી તથા આરોપીની અટક અને તેનાં કપડા કબ્જે કર્યાનું પંચનામું આંક–૩૪ થી રજૂ થયેલ છે. પરંતુ, તેમનાં જણાવ્યા મુજબ તેઓ રૂબરૂ કોઈ પંચનામાની કાર્યવાહી થયેલ નથી.

સદરહુ બંને પંચોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને તેમની ઉલટતપાસ કરતા તેમાં પણ ઉપરોકત પંચનામાઓની વિગતોને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

**આરોપીને સારવાર આપનાર ડોકટરશ્રીનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૫.** આ કામે આરોપીને સારવાર આપનાર શાહેદ નં.૭ ડો. અરવિંદભાઈ સાવળુભાઈ ચૌધરી નાઓએ આંક–૪૩ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૪–૭–૨૦૨૩ના રોજ નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે તેઓની ફરજમાં સવારે ૧૧: ૫૦ કલાકે દિનેશભાઈ શ્રવણભાઈ સોનકરને પોલીસ યાદી સાથે તપાસ માટે લઈ આવેલા તે યાદીમાં સ્વીકાર્યા બદલ તેઓની સહી છે તે આંક– ૪૫થી રજૂ છે અને તેઓએ સદર દર્દીને તપાસીને સર્ટિફિકેટ તેઓની સહી અને સિકકો કરીને આપેલ છે તે આંક–૪૪ થી છે.

આ શાહેદનો પુરાવો ધ્યાને લેતાં આ કામનાં આરોપીને તેમની પાસે લાવવામાં આવ્યા ત્યારે તેમને ઈજા થયેલી હતી. પરંતુ ગુજરનારને થયેલ ઈજાઓ આ કામનાં આરોપીએ પહોંચાડેલી હોય તેવી કોઈ જ હકીકત સદરહુ શાહેદનાં પુરાવામાં જણાવેલ નથી.

**સી.સી.ટી.વી. ફુટેજની પેન ડ્રાઈવ બનાવી આપનાર શાહેદનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૬.** આ કામે ફરિયાદ પક્ષનાં કેસ મુજબ બનાવવાળી જગ્યાએ આવેલ ઘર

પાસેનાં સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજ પેનડ્રાઈવમાં કોપી કરી તે પેનડ્રાઈવ કબ્જે લેવામાં આવેલી અને આ કામગીરી કરનાર શાહેદ નં.૯ પ્રિતેશભાઈ પ્રકાશભાઈ સોનવણે નાઓએ આંક–૪૭ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ કોમ્પ્યુટર રીપેરીંગ તેમજ સી.સી.ટી.વી. સર્વિનું કામકાજ કરે છે. બે–એક વર્ષ પહેલા વિજલપોર પોલીસ તેમને સપ્તશૃંગીમાતાના મંદિર પાસે કોઈ ઘર પાસે કેમેરા લાગેલા હતા તેનું રેકોર્ડીંગ લવા બોલાવેલ, જેથી તેઓત્યાં ગયેલા અને એક ગ્રાહકનાં ત્યાંથી ડી.વી.આર.માંથી સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજનું રેકોર્ડીંગ પેન ડ્રાઈવમાં લઈ તે પેન ડ્રાઈવ પોલીસને આપેલી અને ત્યારબાદ તે અંગેનું પ્રમાણપત્ર તેમણે આપેલું જે આંક–૪૮ થી રજૂ થયેલ છે. તેમણે પેન ડ્રાઈવ ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદરહુ શાહેદે જણાવેલ છે કે, ...

*''એ વાત ખરી છે કે પેનડ્રાઈવ પોલીસ લાવેલી હતી.''*

*''એ વાત ખરી છે કે, આંક–૪૮ વાળું પ્રમાણપત્ર પોલીસે તૈયાર કરેલ હતું અને તેમાં મેં સહી કરેલી.''*

*''એ વાત ખરી છે કે આ પ્રમાણપત્ર કેવી રીતે બનાવવું તેનું મને જ્ઞાન નથી.''*

*''એ વાત ખરી છે કે, ડી.વી.આર. કઈ કંપનીનું હતું તેનો કોઈ ઉલ્લેખ પ્રમાણપત્રમાં કે મારા નિવેદનમાં નથી.''*

*''એ વાત ખરી છે કે, મારે સી.સી.ટી.વી. ફુટેજ જોવાનો પ્રસંગ બનેલ નથી.''*

આમ, સદરહુ શાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેમણે સી.સી.ટી.વી. ફુટેજ જોવાનો પ્રસંગ બનેલ નથી તેમજ તેમણે આંક–૪૮ વાળા સર્ટીફીકેટમાં માત્ર સહી કરેલી, જે સર્ટીફીકેટ પોલીસે તૈયાર કરેલ હતું. આ તબકકે એ નોંધવું જરૂરી છે કે, આ શાહેદ જણાવી રહેલા છે તેવી પેન ડ્રાઈવ કબ્જે કર્યાનાં પંચનામા આંક–૨૬ ની વિગતો પંચોનાં પુરાવાથી પુરવાર થયેલ નથી.

**પોલીસ શાહેદો / ત.ક.અમલદારનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૭.** આ કામે શાહેદ નં.૧૦ રાજેન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ પરમાર નાઓએ આંક–૪૯ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૪–૦૭–૨૦૨૩ નાં રોજ તેઓ વિજલપોર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા ત્યારે આ કામે મરણ જનાર ધર્મેન્દ્ર શિવકુમાર સોનકરનું પી.એમ. કર્યા બાદ લાશ ઉપરનાં કપડા એ.હે.કો.દેવેન્દ્રભાઈએ રજૂ કરતા તે બે પંચોની હાજરીમાં પંચનામું કરી કબ્જે કરેલ, જે આંક–૩૩ વાળું પંચનામું તેમણે ઓળખી બતાવેલ છે.

આ તબકકે સદરહુ આંક–૩૩ વાળા પંચનામાનાં પંચો સંતોષભાઈ રામસ્વરૂપ સોનકર (આંક–૩૨) તથા અમિતકુમાર ગંગાસાગર સોનકર (આંક–૩૫) નો પુરાવો ધ્યાને લેતાં તેઓનાં પુરાવાથી આંક–૩૩ વાળા પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી.

**૨૮.** ફરિયાદ પક્ષે ત.ક.અમલદાર શાહેદ નં.૧૧ કરણસિંહ દિલીપસિંહ મંડોરા નાઓએ આંક–૫૦ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૩–૦૭–૨૦૨૩ નાં રોજ તેઓની વિજલપોર પો.સ્ટેશને ફરજમાં ફરિયાદી છોટુ શીવકુમાર સોનકરની ફરિયાદ તેમના લખાવ્યા મુજબની આંક–૩૭ વાળી લખી દાખલ કરી તપાસ તેઓએ સંભાળીને મરણ

જનારનુ ઈન્કવેસ્ટ ભરેલ, પી.એમ કરાવેલ, બનાવવાળી જગ્યાનુ પંચનામું પંચોના લખાવ્યા મુજબ કરેલુ, આરોપી દિનેશ સોનકરની અટક કરેલી, મોટર સાયકલ કબજે કરેલ, સીસીટીવી ફુટેજ કબજે કરેલ અને તે અંગે પ્રિતેશભાઈએ રજૂ કરેલ ૬૫(બી)નુ સર્ટિફિકેટ સામેલ રાખેલ, લાગતા વળગતા શાહેદોના નિવેદનો લીધેલા. તેમણે વધુમાં પુરાવો આપેલ છે કે, સીડીઆર મેળવેલ અને તે અંગે ૬૫(બી)નુ પ્રમાણપત્ર મેળવેલ, સર્કલ ઈન્સ્પેકટરને બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા યાદી કરેલ તેમાં તેઓની સહી છે તે આંક–૬૩ થી રજૂ છે. ફરિયાદીનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નુ નિવેદન મેળવવા ચીફ કોર્ટને યાદી પાઠવેલ જે આંક–૬૫ થી રજૂ છે, કબજે કરેલ મુદામાલની રવાનગી નોંધ આંક–૫૩ વાળી તૈયાર કરી તેમાં તેઓની તથા નાયબ પો.અધિક્ષકશ્રીની સહીઓ છે, અને સદર મુદ્દામાલ એફ.એસ.એલ. મળ્યાની પહોંચ આંક–૫૪ થી રજૂ છે. મુદામાલનો પરીક્ષણ અહેવાલ પત્ર સાથે આવેલ તે આંક–૫૫ થી રજૂ છે. આરોપી વિરુધ્ધ પૂરતા પુરાવા આધારે ચાર્જશીટ કરેલુ. તેમણે વધુમાં પુરાવો આપેલ છે કે, કાર્યપાલક મેજિસ્ટ્રેટ નવસારી શહેરનાને ઈન્કવેસ્ટ ભરવા કરેલ યાદીમાં તેઓની સહી છે જે આંક–૫૧ થી રજૂ છે. સીસીટીવી ફુટેજ પરીક્ષણ અર્થે મોકલાવેલ તેની રવાનગી નોંધ અને સત્તાનુ પ્રમાણપત્ર ઉપર તેઓની સહી છે જે આંક–૫૬ થી રજૂ છે, મુદામાલ એફ.એસ.એલ.ને મળ્યાની પહોંચ આંક–૫૭ થી રજૂ છે, મુદામાલનો પરીક્ષણ અહેવાલ પત્ર સાથે આવેલ તે આંક–૫૮ થી રજૂ છે, ડાયકરેકટર ડી.પા. ઓફ ઈસ્ટો પેથોલોજીકલ વિભાગને લખેલ યાદી આંક–૫૯ થી રજૂ છે, મુદામાલ રવાનગી નોંધ અને સત્તાનુ

પ્રમાણપત્ર ઉપર તેઓની સહી છે જે આંક–૬૦ થી રજૂ છે, મુદામાલ એફ.એસ.એલ.ને મળ્યાની પહોંચ આંક–૬૧ થી રજૂ છે, મુદામાલનો પરીક્ષણ અહેવાલ પત્ર સાથે આવેલ તે આંક–૬૨ થી રજૂ છે, સ્પ્લેન્ડરના કાગળો આશિષ સોનકરનાએ રજૂ કરેલા તે આંક–૬૪ થી રજૂ છે. વધુમાં જણાવેલ છે કે આંક–૩૮, ૨૪, ૩૪, ૨૫, ૨૬ વાળા પંચનામાઓ તેઓએ તપાસ દરમિયાન કરેલા છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળો વિસ્તાર ભરચક અને લોકોની અવર–જવર વાળો વિસ્તાર છે.

**૨૯.** આમ, ઉપરોકત પોલીસ શાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં આ કામે ગુનાની ફરિયાદ આપવામાં આવી ત્યારથી તે ગુનાનું ચાર્જશીટ કરવામાં આવ્યું ત્યાં સુધી તેઓ ધ્વારા તેઓની ફરજનાં ભાગરૂપે જે કંઈ કામગીરી કરવામાં આવી તે તેઓની જુબાનીમાં જણાવી ફરિયાદ પક્ષનાં સમર્થનમાં પુરાવો આપેલ છે.

**કોર્ટનું તારણ :–**

**૩૦.** આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામનાં ફરિયાદી છોટુભાઈ સોનકર (આંક–૩૬) નાઓએ સ્પષ્ટ જણાવેલ છે તેમનાં મરણ જનાર ભાઈને કોઈ ઈસમે માર મારેલ હોય અને તેનાં હાથમાના છરાથી ઘા કરેલ હોય તેવું જોયેલ હોય તેવું બનેલ નથી. તે જ રીતે મરણ જનારનાં બીજા ભાઈ રાજેશભાઈ શિવકુમાર સોનકર (આંક–૪૬) નો પુરાવો ધ્યાને લેતાં પણ તેઓ બનાવ સમયે કસ્બા ગામે કામ પર હતા અને તેમનાં ભાઈ કેવી રીતે અવસાન પામેલા તેની

તેમને ખબર નથી. જેથી આ બંને મહત્વનાં શાહેદોનાં પુરાવાથી આરોપીને સદરહુ ગુના સાથે સાંકળતી કોઈ કડી જણાઈ આવેલ નથી.

વધુમાં, આ કામે તપાસવામાં આવેલ તમામ પંચો ફરી ગયેલા છે અને તઓનાં પુરાવાથી ગુનાવાળી જગ્યાનાં પંચનામા, આરોપીની મોટરસાઈકલ કબ્જે કર્યાનાં પંચનામા, પેન ડ્રાઈવ કબ્જે કર્યાનાં પંચનામા, મરણ જનારની લાશ ઉપરનાં કપડા કબ્જે કર્યાનાં પંચનામા, આરોપીની અટક તથા તેના કપડા કબ્જે કર્યાના પંચનામાની વિગતો પુરવાર થયેલ નથી.

વધુમાં, તપાસ દરમ્યાન જે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ તેનાં પંચનામાની વિગતો ઉપર ચર્ચા કર્યા મુજબ પંચોનાં પુરાવાથી પુરવાર થયેલ નથી તે સંજોગોમાં તે મુદ્દામાલનું એફ.એસ.એલ. ખાતે પરીક્ષણ કરી જે અહેવાલો રજૂ કરવામાં આવેલા છે તે એફ.એસ.એલ.નાં અહેવાલો અને તેનાં પરિણામો ઉપર આધાર રાખી શકાય એમ નથી.

આ કામે મહત્વનો પુરાવો સી.સી.ટી.વી. ફુટેજનો પુરાવો છે, જે સી.સી.ટી.વી. ફુટેજ ડી.વી.આર.માંથી કોપી કરી પેન ડ્રાઈવમાં સેવ કરી પોલીસને આપનાર શાહેદ પ્રિતેશભાઈ (આંક-૪૭) નો પુરાવો ધ્યાને લેતાં તેમણે આપેલ આંક-૪૮ વાળું સર્ટીફીકેટ પોલીસે તૈયાર કરેલું હતું અને તેમાં માત્ર તેમણે સહી કરેલી છે. વધુમાં તેમણે સી.સી.ટી.વી. ફુટેજ જોયા હોય તેવું પણ બનેલ નથી. વધુમાં, આ સી.સી.ટી.વી. ફુટેજની પેન ડ્રાઈવ કબ્જે કર્યાનાં પંચનામાની વિગત પુરવાર થયેલ નથી. જેથી સી.સી.ટી.વી. ફુટેજ કલેકટ કરી આપનારનો મૌખિક પુરાવો તથા તે કબ્જે કર્યાનાં પંચનામાનાં પંચોનો

પુરાવો ધ્યાને લેતાં આ કામે સી.સી.ટી.વી. કુટજનાં પરીક્ષણનાં અહેવાલ ઉપર આધાર રાખી શકાય એમ નથી. વળી, જે મહત્વનાં શાહેદો છે તેઓનાં કોર્ટ સમક્ષનાં પુરાવાથી આરોપી વિરૂધ્ધનાં આક્ષેપોને સમર્થન સાપડેલ નથી ત્યારે આ સી.સી.ટી.વી. કુટેજનાં પરીક્ષણનાં રિપોર્ટ આધારે જ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર માની શકાય નહિ.

આ કામે પોલીસ શાહેદોને તેમની ફરજનાં ભાગરૂપે જે કંઈ કાર્યવાહી કરેલી તે મુજબ જુબાની આપી ફરિયાદ પક્ષનાં કેસનાં સમર્થનમાં પુરાવો આપેલ છે., પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામે મહત્વનાં એવા ફરિયાદી, મરણ જનારના ભાઈ, સી.સી.ટી.વી.કુટેજ કોપી કરી આપનાર શાહેદ તથા પંચોનાં પુરાવાથી ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન સાપડેલ નથી. તે સંજોગોમાં મરણ જનાર ધર્મેન્દ્રનાં શરીરે જે ઈજાઓ થયેલી હતી તે ઈજાઓનાં કર્તા હાલનાં આરોપી જ હોવાની હકીકત પરત્વે શંકા ઉપસ્થિત થાય છે અને તેવી શંકાનો લાભ આરોપીનાં ફાળે જાય છે.

આમ, ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, આ કામનાં આરોપી દિનેશ ઉર્ફે લોટ શ્રવણ સોનકરની મોટી બહેન મમતા ઉર્ફે ગુડડી શ્રવણ સોનકરનાં લગ્ન પહેલા આ કામનાં ફરિયાદી છોટુ શિવકુમાર સોનકરનાં મોટા ભાઈ – મરણ જનાર ધમેન્દ્ર સાથે પ્રેમ સંબંધ હતો, જે બાબતે અગાઉ બોલાચાલી ઝઘડો થયેલ તેની જૂની અદાવત રાખી આ કામનાં આરોપીએ તા.૦૩–૦૭–૨૦૨૩ નાં રોજ કલાક ૧૫:૪૫ થી ૧૬:૧૦ દરમ્યાન આ કામે મરણ જનાર ધર્મેન્દ્ર

બનારસ લોન્ડ્રીવાલાનાં દરવાજા પાસે તેની હોન્ડા યુનીકોન ગાડી પાસે ઉભો હતો તે સમયે અચાનક તેની મોટરસાઈકલ પર આવી આરોપીએ ધર્મેન્દ્રનું મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી તેની પાસેના છરાથી ધર્મેન્દ્રની ડાબી પાંસળીનાં નીચેનાં ભાગે તથા પીઠનાં ભાગે છરાના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજાવી, ખૂન કરી, ઈ.પી.કોડની કલમ–૩૦૨ મુજબનો સજાપાત્ર ગુનો કરેલ છે. સબબ, મુદ્દા નં.૨ નો નિર્ણય 'નકાર' માં આપું છું.

**મુદ્દા નં.૩ ની ચર્ચા :–**

**૩૧.** આ કામે આરોપી વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબનાં ગુનાનું પણ તહોમત છે, જે સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, બનાવ તારીખે, સમયે અને સ્થળે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોય તેવી કોઈ હીકકત ખાસ કરીને આ કામે તપાસવામાં આવેલ પોલીસ શાહેદ નં.૧૧ ત.ક.અમલદાર કરણસિંહ દિલીપસિંહ મંડોરા નાઓનો આંક–૫૦ થી રજૂ મૌખિક પુરાવો ધ્યાને લેતાં જણાઈ આવતી નથી. વધુમાં, આવું કોઈ જાહેરનામું અમલમાં હોય તે આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરી પુરવાર પણ કરવામાં આવેલ નથી. આ ઉપરાંત પણ આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા શાહેદોનો સમગ્ર પુરાવો ધ્યાનમાં લેતાં આ કામનાં આરોપીએ છરો ધારણ કરેલ હોય અને તેનો ગુનામાં ઉપયોગ કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ નથી. એટલું જ નહિ, ઉપર મુદ્દા નં.૨ માં વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ હાલનાં આરોપીએ મરણ જનાર ધર્મેન્દ્રને છરાનાં ઘા મારી ઈજાઓ

પહોંચાડી મોત નિપજાવેલ હોવાની હકીકત પણ ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલા નથી. આ સંજોગોમાં આરોપી ધ્વારા કોઈ હથિયારબંધીનાં જાહેરનામાનો ભંગ કરવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ સદરહુ મુદ્દા નં.૩ નો નિર્ણય નિર્ણય 'નકારાત્મક' આપેલ છે.

**મુદ્દા નં.૪ :–**

**૩ર.** ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ માં કરેલ સમગ્ર વિસ્તૃત ચર્ચા લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) સદર કામનાં આરોપી : દિનેશ ઉર્ફે લોટ શ્રવણ સોનકર નાઓ વિરૂધ્ધ વિજલપોર પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૮૨૨૦૨૨૨૩૦૪૦૨/૨૦૨૩ થી નોંધાયેલ ફરિયાદ અનુસંધાને દાખલ થયેલ સેશન્સ કેસ નં.૧૦૧/૨૦૨૩ નાં કામે સદરહુ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૨ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મૂકવામાં આવે છે.

(૨) સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૮ તથા ૧૦ વાળા બીનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જયારે, મુદ્દામાલ આર્ટીકલ નં.૯ વાળી મોટરસાઈકલ અગાઉ

અરજદારને વચગાળાનાં ધોરણે સોંપવાનો હુકમ કરવામાં આવેલ હતો તે આથી કાયમી ધોરણેનો કરવામાં આવે છે.

જો સદરહુ ચુકાદા સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ થાય તો તેવા પ્રસંગે ઉપરોકત તમામ મુદ્દામાલનો નિકાલ નામદાર હાઈકોર્ટનાં આદેશ અનુસાર કરવાનો રહેશે.

(૩) આરોપીનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે.

(૪) સદર ચુકાદા સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટે આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૪૩૭–એ મુજબ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ : ૦૯, એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Sd/-**

નવસારી,

**( પ્રતિક જયસુખભાઈ તમાકુવાળા)**
**સેશન્સ જજ, નવસારી.**
**કોડ નં. જીજે૦૦૫૮૧.**

તારીખ : ૦૯–૦૪–૨૦૨૬.

A.G.KULKARNI-P.A.